પરીપત્ર

ક્રમાંક-મઉમશબ/ક/પરિણામ/ઓગષ્ટ-૨૦૨૦/
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦.બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર, તા.૧૦/૦૯/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
વિજ્ઞાન પ્રવાહની ઉ.મા.શાળાઓ (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય – ગુજકેટ ઓગષ્ટ-૨૦૨૦ અને ઉ.મા.પ્ર. પરીક્ષા, ઓગષ્ટ (પૂરક)-૨૦૨૦, ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહની ઉપસ્થિત ઉમેદવારોના પરિણામના વિતરણ અંગે.

ઉપરોક્ત વિષય સંબંધમાં જણાવવાનું કે, ગુજકેટ ઓગષ્ટ-૨૦૨૦ અને ઉ.મા.પ્ર. પરીક્ષા, ઓગષ્ટ (પૂરક) – ૨૦૨૦, ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહ અને ઉપસ્થિત તમામ ઉમેદવારોના ગુણપત્રક/પ્રમાણપત્ર તથા એસ.આર. આ સાથે મોકલવામાં આવે છે. જેમાં નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવી.

1. ગુજકેટ-૨૦૨૦ની માર્કશીટ અને ઉ.મા.પ્ર. પરીક્ષા, ઓગષ્ટ (પૂરક) – ૨૦૨૦ની માર્કશીટ તથા સર્ટીફીકેટનું તમામ વિદ્યાર્થીઓને તાત્કાલિક વિતરણ કરવાનું રહેશે.
2. ઉ.મા.પ્ર.પરીક્ષા ઓગષ્ટ-૨૦૨૦ (પૂરક) પરીક્ષા આપી હોય અને પરિણામમાં ગેરહાજર દર્શાવેલ હોય તેવા વિદ્યાર્થીએ દફતર ચકાસણી માટે દિન-૦૨ (બે) માં રૂબરૂમાં ગાંધીનગર બોર્ડની કચેરીમાં રજૂઆત કરવાની રહેશે. સમયમર્યાદા બાદ આવેલ અરજી ધ્યાને લેવાશે નહીં.
3. ઓગષ્ટ (પૂરક)-૨૦૨૦, વિજ્ઞાનપ્રવાહના પરિણામ બાદ ગુણ-ચકાસણી માટે ગુણપત્રક તથા ફી-રસીદની ઝેરોક્ષ સાથે શાળાના લેટરપેડ પર અરજીમાં વિષયદીઠ રૂ.૧૦૦/- ના ડી.ડી. સાથે પરિણામ જાહેર થયા બાદ બોર્ડની ગાંધીનગરની કચેરીમાં દિન-૦૭ (સાત) માં અરજી કરવા જણાવવામાં આવે છે. સમયમર્યાદા બાદ આવેલ અરજી ધ્યાને લેવાશે નહીં. ગુણ ચકાસણીની અરજી આર.પી.એ.ડી. (R.P.A.D.) થી મદદનીશ સચિવ, શ્રી એ.ડી.ખસતિયા, શાખા-ક, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-10/બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગરના સરનામે નામજોગ મોકલવાની રહેશે તથા અરજી, ગુણપત્રક અને ડીમાન્ડ ડ્રાફ્ટની ઝેરોક્ષ કોપી gshsebexamscience@gmail.com પર મેઈલ કરવાની રહેશે.
4. અન્ય સુધારા જેવા કે દફતર ચકાસણી/ગુણપત્રકમાં નામ/અટક સુધારો કરવા માટેના નિયત ફોર્મ માર્ચ-૨૦૨૦ ના પરિણામ સાથેના પરિપત્ર મુજબ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.
5. ગેરહાજર ઉમેદવારોની માર્કશીટ ઈસ્યુ કરવામાં આવેલ નથી. તેની ખાસ નોંધ લેવી.
6. પરીક્ષામાં ઉપસ્થિત ઉમેદવાર પૈકી કોઈ ઉમેદવારને ગુણપત્રક કે પ્રમાણપત્ર ન મળ્યુ હોય તો દિન-૦૨ (બે) માં શાળાના લેટરપેડ પર દરખાસ્ત તૈયાર કરી R.P.A.D.થી મોકલી આપવી અને દરખાસ્ત મળ્યેથી ગુણપત્રક/પ્રમાણપત્ર ટપાલ દ્વારા રવાના કરવામાં આવશે, જે અંગેની નોંધ લેવા જણાવવામાં આવે છે. ઉપરાંત બોર્ડના વિજ્ઞાન પ્રવાહના Helpline નંબર 7567918968 પર પણ આ અંગે માર્ગદર્શન મેળવવું.
7. શાળાના આચાર્યશ્રીઓને વિનંતી કે પૂરક પરીક્ષાની ફી જમા કરાવવાની બાકી કે ઓછી ફી જમા કરાવી હોય તો તે રકમનો ડી.ડી. શાળાના લેટર પેડ સાથે દિન-૧૦ માં બોર્ડમાં અચૂક જમા કરાવવાનો રહેશે. અન્યથા નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેશી.

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ રવાના :-
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ) તરફ જાણ તથા અમલ થવા સારૂ.

g:\suraj\purak exam_2020_Doc.docx

ક્રમાંક:માવિ.૬/૨૦૨૦/૨૧૫૪૬
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા. ૨૫/૦૯/૨૦૨૦

<u>સંદર્ભ</u> : ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, નો તારીખ : ૧૦/૦૯/૨૦૨૦ નો પત્ર ક્રમાંક : મઉમશ/ઓગષ્ટ-૨૦૨૦/

<u>૨/- નકલ રવાના જાણ તથા અમલસારૂં.</u>

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ ઉ.મા. વિ.પ્ર.શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા